# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૧/૦૭/૨૦૨૬ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૯૬૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૭ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૫૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૯૬૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૯૬૫/૨૦૨૬**

**ઈસનપુરઃ** મોના ચિંતનકુમાર ગદાણી (ઉ.વ.૪૫)(રહે.આશીર્વાદ સોસાયટી, લેકવ્યુ સોસાયટી સામે ઈસનપુર) એ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે અજાણ્યો મોબાઈલ નંબર ૯૨૯૬૧૬૮૯૮૨ ના ધારક એ પોતાની ઓળખ આર્મી ઓફીસર તરીકેની આપી, મોના ગદાણી પાસેથી મકાન ભાડે લેવાના બહાને તેમના મોબાઈલ ઉપર વાતચીત કરી, મકાન ભાડે લેવાની લાલચ આપી, આર્મીમા હોવાના કારણે ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર કરવાની પ્રોસેસ કરવાના બહાને મોના ગદાણીના AXIS BANK ના ખાતામાંથી કુલ રૂપિયા ૯૪,૦૦૦/– ટ્રાન્સફર કરાવી લઈ મોના ગદાણી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૯૬૬/૨૦૨૬**

**શાહીબાગઃ** ચિરંજીલાલ સ/ઓ માંગીલાલ જૈન (ઉ.વ.૭૨)(રહે. ડિવાઈનીટી ફ્લેટ, નિલકંઠ ફ્લેટ સામે, ઘોડાકેમ્પ રોડ, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૬ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ અભિનંદન એપાર્ટમેન્ટ સામે રોડ ઉપરથી પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ તથા પાછળ બસેલ એક સ્ત્રીએ ભેગામળી ચિરંજીલાલના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**લુંટઃ–** **સમાચાર ચાદી નં.૯૬૭/૨૦૨૬**

**કાલુપુરઃ** ઈશ્વરભાઇ સ/ઓ રેવાભાઇ વાળંદ (ઉ.વ.૬૪)(રહે. મુ.પો.વણીયાદ, તા.મોડાસા, જી.અરવલ્લી) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર રીલીફ રોડ કડીયા નાકા પાસે આવેલ "સના પાર્લર" થી એક ઓટોરીક્ષામાં બેસી કાલુપુર સિન્ધી માર્કેટ જવા માટે નિકળેલ હતા દરમ્યાન કાલુપુર રેવડી બજાર ત્રણ રસ્તા પાસે "મોહીત ટેડર્સ" નામની દુકાન આગળ રોડ ઉપર પહોંચતા રીક્ષાના ડ્રાઇવર અને રીક્ષામાં અગાઉથી બેઠેલા અન્ય ત્રણ અજાણ્યા પુરૂષ નાઓએ ભેગામળી ચાલુ રીક્ષામાં ધક્કા–મુક્કી કરી, ઈશ્વરભાઇના પેન્ટના ખિસ્સામાં હાથ નાંખવા જતા, શક પડતા ઇશ્વરભાઇએ વિરોધ કરતા, બળજબરીથી તેમના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– કાઢી લઇ, ઇશ્વરભાઇને ધક્કો મારી ચાલુ રીક્ષામાંથી નીચે પાડી દઇ તમામ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી